# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-11-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- પીએમ-સૂર્યઘર મફત વીજળી યોજના હેઠળ રૂફ ટોપ સોલર સિસ્ટમ સ્થાપવામાં ગુજરાત પ્રથમ ક્રમે.
- આગામી પાંચ વર્ષમાં 12 લાખ નવી રોજગારીના લક્ષ્યાંક સાથે નવી કુટિર નીતિની જાહેરાત..
- ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં પકડાયેલા પાંચ આરોપીઓને અદાલતે ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા.
- રમત-ગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ રાષ્ટ્રીય- આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પામનારા ૫૬ ખેલાડીઓને સન્માનિત કરાયા.
- ઇન્ડોનેશિયા ખાતે યોજાનાર 'મહિલા ફુટસલ એશિયન કપ-૨૦૨૫' માં ગુજરાતની નવ મહિલા ખેલાડીઓની પસંદગી થઇ..
- ઘરેલુ ક્રિકેટમાં ગુજરાત ટીમના ખેલાડી ઉર્વિલ પટેલ ટી-ટ્વેન્ટી મેચમાં સૌથી ઝડપી સદી કરનારો પ્રથમ ભારતીય ખેલાડી બન્યો..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM SURYAGHAR GUJARAT

પીએમ-સૂર્યઘર મફત વિજળી યોજના હેઠળ રૂફ ટોપ સોલર સિસ્ટમ સ્થાપવામાં ગુજરાત પ્રથમ ક્રમે છે.

લોકસભામાં લેખિત જવાબમાં કેન્દ્રીય નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી શ્રીપાદ નાઇકે જણાવ્યું કે, દેશમાં આશરે 26 લાખ અરજીઓ મળી છે, જેમાંથી છ લાખ 16 હજાર સિસ્ટમ સ્થાપવામાં આવી છે. બે લાખ 81 હજાર સોલર સિસ્ટમ સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે, જ્યારે મહારાષ્ટ્રમાં એક લાખ 20 હજારથી વધુ સિસ્ટમ સ્થાપવામાં આવી છે. કેરળ અને ઉત્તરપ્રદેશમાં 51 હજાર સિસ્ટમ સ્થાપવામાં આવી છે.

આ યોજના હેઠળ દેશનાં તમામ રહેણાંક ગ્રાહકો અરજી કરી શકે છે અને એક કરોડ ઘરોમાં સિસ્ટમ લગાવવાનાં લક્ષ્યમાં રાજ્યવાર ફાળવણી નથી કરવામાં આવી. સોલર રૂફટોપ સિસ્ટમ બેસાડવા માટે ગ્રાહકો નેશનલ પોર્ટલ https://www.pmsuryaghar.gov.in.પર અરજી કરી શકે છે.

# KUTIR GRAMOUDHYOG NITI

કુટિર, ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત અને રાજ્યકક્ષાના મંત્રી જગદિશ વિશ્વકર્માએ આજે ગાંધીનગરમાં નવી કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ-2024ની જાહેરાત કરી હતી.

મંત્રીશ્રી રાજપૂતે નવી કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ- 2024ની વિગતો આપતાં કહ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં આ ક્ષેત્રે આઠ લાખ 75 હજાર જેટલી રોજગારીનું સર્જન થયું છે, જેને આગામી પાંચ વર્ષમાં 12 લાખ સુધી પહોંચાડવાનું લક્ષ્યાંક છે. આ અંગેનો અહેવાલ સાંભળીએ....

**(વોઇસ કાસ્ટ- અનિલ પટેલ)**

*રાજ્ય સરકારે નવી કુટિર ગ્રામોદ્યોગ નીતિએ વાજપાઇ બેંકેબલ યોજના હેઠળ લોનની મર્યાદા 8 લાખથી વધારીને 25 અને સબસીડીની મર્યાદા એક લાખ 25 હજારથી વધારીને 3 લાખ 75 હજાર કરી છે. રાજ્ય સરકાર લુપ્ત થતી કલાઓ માટે 70 હજાર રૂપિયાની સહાય આપશે.*

*આ નીતિમાં છેવાડાના માનવીને રોજગારી મળી રહે તે માટે રાજ્ય સરકારે અનેકવિધ નવા પ્રકલ્પો શરૂ કર્યા છે. લોકલ ફોર વોકલને પ્રોત્સાહન આપવા કોર્પોરેટર કંપનીઓને કારીગરો દ્વારા બનાવવામાં આવતી વિવિધ પ્રોજેક્ટ્સની માહિતી સાથેનું કેટલોગ બનાવવામાં આવશે.*

*આ પ્રસંગે વર્ષ 2023ના હાથશાળ- હસ્તકલા ક્ષેત્રે સિધ્ધિ પ્રાપ્ત કરનારા વિવિધ 11 કારીગરોને પુરસ્કાર રોકડ રકમ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. યુનિટી બેન્ડનું વિમોચન કરવામાં આવ્યું હતું. લોકલ ફોર વોકલને લગતા પીએમ એકતા મોલની વિગતો દર્શાવતી ફિલ્મ રજૂ કરવામાં આવી હતી.*

# KHYATI HOSPITAL UPDATE

ખ્યાતિ હોસ્પિટલની ઘટનામાં પડકાયેલા પાંચ આરોપીઓને અદાલતે ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

ખ્યાતિકાંડ મામલે ફરાર આરોપીઓમાંથી પોલીસે પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી, જેમાં ખ્યાતિ હોસ્પિટલના ડિરેક્ટર ચિરાગ પટેલ, પ્રતિક ભટ્ટ, મિલિન્દ પટેલ, રાહુલ જૈન અને અંકિત પટેલને આજે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરીને 14 દિવસના રિમાન્ડની માંગણી કરતાં અદાલચે ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# GANDHINAGAR CABINET

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે કેબિનેટ બેઠક મળી હતી, જેમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. અમારા ગાંધીનગરના પ્રતિનિધી  દુર્ગેશ મહેતા જણાવે છે કે, આજે મળેલી કેબિનેટની બેઠકમાં ટેકાના ભાવે ચાલી રહેલી જણસોની ખરીદી, ખાતરની અછત અંગે ખેડૂતોની ફરિયાદ, ખ્યાતિ કાંડ બાદ ખાનગી હોસ્પિટલ માટેની માર્ગદર્શિકા, રેશનકાર્ડના kyc મુદ્દે લાગતી લાંબી કતારોના કારણો, ખેલ મહાકુંભના આયોજન અને કાયદો-વ્યવસ્થાની પ્રવર્તમાન પરિસ્થિતિની ચર્ચા કરવામાં આવી હતી.

# BJP BETHAK

ભાજપ પ્રદેશ કાર્યાલય- કમલમ ખાતે આજે સંગઠન પર્વ અંતર્ગત ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલ તેમજ રાષ્ટ્રીય ચુંટણી સમીતીના સભ્ય રાજદીપ રોયની વિશેષ ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. જેમાં ધારાસભ્યો, જીલ્લા-મહાનગરના પ્રમુખો, મહામંત્રીઓ, ચુંટણી સમિતિના ઇન્ચાર્જ, સંગઠન પર્વના ઇન્ચાર્જ સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં દિલ્હીથી ભાજપના ગુજરાતના રાજ્યસભા અને લોકસભાના સંસદ સભ્યો ઓનલાઈન જોડાયા હતા..

# HARSH SANGHVI AWARD

રમત-ગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પામનારા રાજ્યના ૫૬ પ્રતિભાવાન ખેલાડીઓને ૧ કરોડ ૮૮ લાખથી વધુના રોકડ પુરસ્કાર આપી સન્માનિત કર્યા.. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકાર પ્રતિભાવાન ખેલાડીઓ પણ ઉભા કરશે અને તે ખેલાડીઓ માટે પૂરતા અવસર પણ ઉભા કરશે.

જેમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્વિમિંગ સ્પર્ધામાં એક ગોલ્ડ અને ત્રણ સિલ્વર મેડલ હાંસલ કરનાર આર્યન નહેરાને સૌથી વધુ એક કરોડ રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો.

આજે રાજ્ય રમત-ગમત ક્ષેત્રે વિકાસ કરી રહ્યું છે, ત્યારે દરેક ખેલાડીનું લક્ષ્ય હવે માત્ર ઓલમ્પિક જ હોવું જોઈએ, તેમ શ્રી સંઘવીએ જણાવ્યું હતું.. આ લક્ષ્યાંકને હાંસલ કરવા માટે ગુજરાત સરકારે ખેલ મહાકુંભ જેવી સ્પર્ધાનું આયોજન કર્યું છે. ખેલ મહાકુંભની છેલ્લી આવૃત્તિમાં ૬૬ લાખથી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જે પૈકી વિજેતા બનેલા ખેલાડીઓને કુલ ૪૦ કરોડ રૂપિયાના રકમના રોકડ પુરસ્કારો રાજ્ય સરકારે એનાયત કર્યા હતા.

ખેલપ્રતિભા પુરસ્કાર હેઠળ છેલ્લા એક દાયકામાં રાજ્યના ૧ હજાર ૬૨૭ રમતવીરોને કુલ ૨૪ કરોડથી વધુના રોકડ પુરસ્કાર અપાયા હતા.

# RAJKOT WORKSHOP

રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ કાર્યાલય- NSSO દ્વારા રાજકોટમાં ઓદ્યોગિક એકમો અને ઉદ્યોગકારો માટે એક દિવસીય વર્કશોપ યોજાયો. આંકડા સંગ્રહ અધિનિયમ અંતર્ગત દર વર્ષે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. સર્વેક્ષણ થકી એકત્રિત માહિતી આંકડાકીય હેતુઓ માટે ઉપયોગ થાય છે. આ દ્વારા ઓદ્યોગિક ક્ષેત્રના સંગ્રહ ઘરેલું ઉત્પાદન (GDP) માં યોગદાનનો અંદાજ લગાવવામાં આવે છે..

સત્રમાં ભાગીદારોને ASI પોર્ટલની કાર્યપદ્ધતિથી માહિતગાર કરવામાં આવ્યા અને રીપોર્ટીંગ વિકલ્પનો ઉપયોગ કરીને સમયસર અહેવાલ દાખલ કરવા માટે જાણકારી આપવામાં આવી.. નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઇઝેશન ઓફીસર નિયતી જોષીએ આ અંગે વધુ માહિતી આપી...

## (બાઇટ - નિયતી જોશી, NSS ઓફીસર)

# BAL VIVAH MUKT BHARAT

બાળ વિવાહ મુક્ત ભારત અભિયાનને વધુ અસરકારક બનાવવા માટે યુવાનો અને જ્ઞાતિમંડળોએ સક્રિય ભૂમિકા ભજવવી પડશે. રાજ્યના જાણીતા સમાજ સેવક ગૌરાંગ જાનીએ આકાશવાણી સાથેની ખાસ મુલાકાતમાં કહ્યું હતું ક, આ અભિયાનને સફળ બનાવવા માટે લોકજાગૃતિ લાવવાની ખૂબ જ જરૂરિયાત છે.

## (બાઇટ- ગૌરાંગ જાની- સમાજ સેવક)

જાણીતા સામાજીક કાર્યકર મિત્તલ પટેલે પણ આ અભિયાનને આવકાર્યું છે અને કહ્યું છે કે, ભારત જેવા વિકાસશીલ દેશને વિકસિત બનાવવાની

દિશામાં આ મહત્વપૂર્ણ પગલું છે. દીકરીઓના શિક્ષણ, આરોગ્ય અને સશક્તિકરણમાં મદદરૂપ બનશે. પોલીયો નિર્મૂલનની જેમ જ આ અભિયાન સતત ચલાવવામાં આવશે તો આપણા દેશમાંથી આગામી વર્ષોમાં બાળ વિવાહની કુપ્રથા ચોક્કસપણે નાબૂદ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય મહિલા અને બાળવિકાસમંત્રી અન્નપૂર્ણઆ દેવીએ આજે નવી દિલ્હીમાં બાળ વિવાહ મુક્ત ભારતના રાષ્ટ્રીય અભિયાનની શરૂઆત કરાવી હતી. આ પ્રસંગે બાળ લગ્ન મુક્ત ભારત પોર્ટલનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું.

મહિસાગરના લુણાવાડા ખાતે વેદાંત ઇન્ટરનેશનલ સ્કૂલમાં બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારી સહિત બાળકોએ બાળ લગ્ન મુક્ત ભારત અંગેના શપથ લીધા.

## BOTAD SARJAK SAMVAD

બોટાદમાં કવિ દામોદરદાસ બોટાદકરની 154 મી જન્મજયંતિ નિમીત્તે "સર્જક સાથે સંવાદ" કાર્યક્રમ યોજાયો. બોટાદ જિલ્લા માહિતી વિભાગ અને ગુજરાત પ્રેસ અકાદમીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં સાહિત્ય, કલા અને કવિતા પ્રેમી સહિત કોલેજના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કવિ વિનોદ જોશીએ "સર્જક સાથે સંવાદ" વિષય પર ચર્ચા કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યું કે,

**(બાઈટ - વિનોદ જોશી- કવિશ્રી )**

## MAHILA FOOTSAL ASIAN CUP 2025

**ઇન્ડોનેશિયા ખાતે યોજાનાર ‘મહિલા ફુટસલ એશિયન કપ-૨૦૨૫’ માં** ભારતની 25 ખેલાડીઓની ટીમમાં ગુજરાતની નવ મહિલા ખેલાડીઓની

પસંદગી થઇ છે. ખેલ મહાકુંભના માધ્યમથી મહિલા ખેલાડીઓએ ફુટસલ રમતમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે.

ખેલ મહાકુંભ અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ભાવનગરમાં ફુટસલ ખેલાડીઓની પસંદગી અને તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશની 62 પ્રતિભાશાળી ખેલાડીઓએ કેમ્પમાં સ્થાન મેળવવા માટે સ્પર્ધા કરી હતી. જેમાં રાજ્યની નવ સહિત દેશની કુલ 25 મહિલાઓની પસંદગી કરવામાં આવી હતી. પસંદગી પામેલા ગુજરાતના મહિલા ખેલાડીઓમાં દ્રષ્ટિ પંત, ખુશ્બુ સરોજ, રાધિકા પટેલ, મધુબાલા અલાવે, શ્રેયા ઓઝા, રિયા મોદી, ખુશી શેઠ, માયા રબારી અને તન્વી મવાણીનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી સાતમી જાન્યુઆરીએ ઇન્ડોનેશિયામાં યોજાનાર એશિયા કપમાં આ ખેલાડીઓ ભાગ લેવા રવાના થશે.

## T20 Urvil Patel

ઘરેલુ ક્રિકેટમાં ગુજરાત ટીમના ખેલાડી ઉર્વિલ પટેલ ટી-ટ્વેન્ટી મેચમાં સૌથી ઝડપી સદી કરનારો પ્રથમ ભારતીય ખેલાડી બન્યો.

આજે ઇન્દોરના હોલકર સ્ટેડિયમમાં ગુજરાત અને ત્રિપુરા વચ્ચે રમાયેલી સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં ત્રિપુરા સામે ઉર્વિલ પટેલે માત્ર 28 બોલમાં સદી ફટકારી હતી. ઉર્વિલે 35 બોલમાં અણનમ 113 રન બનાવ્યા હતા. જેમાં 12 સિક્સ અને 9 બાઉન્ડ્રી ફટકારી હતી.

ત્રિપુરાએ પ્રથમ બેટિંગ કરીને 10 ઓવરમાં 8 વિકેટે 155 રન બનાવ્યા હતા. જેના જવાબમાં ગુજરાતે માત્ર 10 ઓવર અને બે બોલમાં બે વિકેટે 156 રન બનાવીને આઠ વિકેટે વિજય મેળવ્યો હતો. ઉર્વિલ અને આર્યન દેસાઇની જોડીએ પ્રથમ વિકેટ માટે 150 રનની ભાગીદારી કરી હતી.

## NARMADA- SGFI

નર્મદા જીલ્લાના રાજપીપળા ખાતે અંબુભાઈ પુરાણી વ્યાયામ શાળામાં રાજ્યકક્ષાની જીમ્નાસ્ટિક સ્પર્ધાનો પ્રારંભ થયો છે. રાજ્ય સરકારે યુવા ખેલાડીઓ પર વિશેષ ધ્યાન આપીને તેમની પ્રતિભાને નિખારવાનું કામ કર્યું છે, તેમ જીલ્લા રમત વિકાસ અધિકારી દિનેશભાઈ ભીલે જણાવ્યું હતું.

14, 17 અને 19 વર્ષની અંદરના કિશોરો માટેની આ જીમ્નાસ્ટિક સ્પર્ધામાં ૨૯ નવેમ્બર સુધી ચાલશે. આર્ટિસ્ટિક, રિધમિક, એક્રોબેટિક સ્પર્ધામાં રાજ્યના જુદા-જુદા જિલ્લાના ૩૫૦થી વધુ રમતવીરોએ ભાગ લીધો છે..

# LOTHAL MAHILA ADHIKARI

હડપ્પીય સંસ્કૃતિ ધરાવતા લોથલમાં ભેખડ ધસી પડતાં એક મહિલાનું મોત થયું છે. જ્યારે એક મહિલા ગંભીર રીતે ઇજાગ્રસ્ત બની છે. પ્રાપ્ત માહિતી અનુસાર, દિલ્હી અને ગાંધીનગરથી માટીના સેમ્પલ લેવા માટે બે મહિલા અધિકારીઓ લોથલ ગઇ હતી જ્યાં અચાનક ભેખડ ધસી પડતાં બંને મહિલાઓ દટાઇ હતી. તેમને બચાવ કામગીરી કરાતાં દિલ્હીની એક મહિલાનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે ગાંધીનગરની મહિલાને બગોદરાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ત્યાં તેની સારવાર ચાલી રહી છે. બગોદરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતનું હડપ્પીય સંસ્કૃતિનું મહત્વનું કેન્દ્ર ગણાતા લોથલમાં મેરિટાઈમ મ્યુઝિયમ બનાવવાની કામગીરી ચાલી રહી છે.